પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

एक कदम स्वच्छता की ओर

# -:: જાહેરનામુ::-

## :: ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક : એસ.બી./રાજકીય/ પ્લેગ્રૃપ-નર્સરી-૧૨ વર્ષથી નાના બાળકો અંગે/ ૯ /૨૦૨૪**

સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગ્રૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવુ જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતા પાસેથી ખંડણી/ફિરોતીના રૂપિયા પડાવવાનાં બાળક સાથે બદકામ કરવાના કે, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતા-પિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ માતા-પિતા સાથે ઘરોબો (સંબંધ) કેળવી તેઓની દિનચર્યા એકત્રિત કરી સંબંધિત બાળક સાથે પરિચય કેળવી ત્યારબાદ લલચાવી ફોસલાવી ભણવા અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે, જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી કાયદો વ્યવસ્થા અને શાંતિ-સલામતી જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃતિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગ્રૃપ/નર્સરી/ શાળાના સંચાલકોઓએ રાખવાની રહેશે.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.)પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગ્રૃપ/ નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહીતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગ્રૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉંમરના બાળકોને ઘરેથી શાળાએ મોકલવાના તથા શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડાના વાહનો જેવા કે ઓટોરિક્ષા, મીનીબસ, મારૂતીવાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલિકનું નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબર સબંધિત સંસ્થાએ રાખવાના રહેશે.

**આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે**

| અ.નં. | વિગત | |
|---|---|---|
| ૧ | વાહનમાલિકનું નામ સરનામુ/ટે.નં./મો.નં. | |
| ૨ | ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં./મો.નં | |
| ૩ | વાહનનો પ્રકાર તથા રજીસ્ટ્રેશન નંબર | |
| ૪ | ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર | |
| ૫ | ડ્રાઈવર નો ફોટો | |
| ૬ | ડ્રાઈવર લઈ ને આવતાં તથા જતાં બાળકનું નામ તથા ધોરણ, અને ઉંમર ની વિગત | |

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું, મોબાઈલ/ફોન નંબરની વિગતો સંસ્થાઓ તેમના રેકોર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગ્રૃપ/નર્સરી/શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યકિત વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસને બાળક સોંપવાના રહેશે.

**:: ઉપરના મુદ્દા નંબર-(૩) અને (૪) ના અંગેની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે. ::**

| અ.નં. | વિગત | |
|---|---|---|
| ૧ | વિધાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર | |

| | | |
|---|---|---|
| ૨ | વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓ ના નામ સરનામા અને ટે.નં/મો.નં. | |
| ૩ | પ્રાઈવેટ વાહનનો નંબર | |
| ૪ | ડ્રાઈવરનું નામ સરનામું ટે.નં. મો.નં. | |
| ૫ | ફોટો | |

ઉપરોકત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારી તરફથી માંગણી થયેથી સ્કુલ સત્તાવાળાઓ તે રજુ કરવાના રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએથી છૂટે ત્યારે શાળાએ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે અને તેના બદલે બીજી કોઈ વ્યકિત બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોપશે અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે અને પોલીસ તરફથી માંગણી થયે રજુ કરવાની રહેશે.

**<u>:: આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે. ::</u>**

| અ.નં | વિગત | |
|---|---|---|
| ૧ | વિધાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર | |
| ૨ | વાલી/અધિકૃત વ્યકિત સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યકિતના નામ સરનામા અને ટે.નં/મો.નં.ની વિગત | |
| ૩ | બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોકકસ વિગત | |
| ૪ | બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર | |

ઉપરોકત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાયવર વિગેરે પાસે રાખવાનો હોય છે અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યકિતને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સુચનાનો અમલ કરવાનો રહેશે.

**<u>નોધ</u>** :- જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉમંરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવામાં આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં આવવાનાં સમયે જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે માટે આ અંગેનું બાંહેધરી ખત વાલી/ ગાર્ડીયન ને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતાં હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહી.

**<u>:: અમલવારીનો સમય ::</u>**

**આ હુકમ <u>તા.૧૫/૦૧/૨૦૨૪ ના ક.૦૦-૦૦ થી તા.૧૪/૦૩/૨૦૨૪ ના ક.૨૪-૦૦</u> સુધી અમલમાં રહેશે.**

**<u>:: હદ વિસ્તાર ::</u>**

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**<u>:: શિક્ષા ::</u>**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**<u>:: જાહેર વિજ્ઞપ્તિ ::</u>**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું.કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ

ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૧/૦૧/૨૦૨૪ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક સુરત શહેર

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧,૨ તથા ક્રાઇમ, સુરત શહેર

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ/, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)